# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 27-09-2025** **Midday : 2.30 to 2.35 pm**
**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

-----------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# AMRUT BHARAT EXPRESS TRAIN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ઓડિશાથી વર્ચ્યૂઅલ માધ્યમથી રાજ્યની પહેલી અમૃત ભારત એક્સપ્રેસ ટ્રેનનો શુભારંભ કરાવ્યો. આ પ્રસંગે કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ અને કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટિલ ઉધના રેલવે મથક ખાતે ઉપસ્થિત રહ્યા હતા. આધુનિક એસી વગરની સ્લિપર ટ્રેન સુરતના ઉધના અને ઓડિશાના બ્રહ્મપુર વચ્ચે દોડશે.

ઓડિશામાં સંબોધન કરતા શ્રી મોદીએ કહ્યું, આ ટ્રેનથી ઓડિશાના બ્રહ્મપુરથી સુરત સુધી આ ટ્રેન શરૂ થતાં ઓડિશાના લોકોને લાભ થશે. કારણ કે, સમગ્ર દેશમાંથી અસંખ્ય લોકો સુરત સાથે જોડાયેલા છે.

**(BYTE: NARENDRA MODI, PM AT BHRAMPUR)**

આ પહેલા સુરતમાં બૂલેટ ટ્રેન મથકની મુલાકાત દરમિયાન શ્રી વૈષ્ણવે અમૃત ભારત એક્સપ્રેસ ટ્રેન અંગે વધુ માહિતી આપી.

**(BYTE: ASHWINI VAISHNAW, UNION RAILWAY MINISTER, AMRUT BHARAT)**

. . . . . . . . . . .

# ASHWINI VAISHNAW SURAT

કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ સુરતની મુલાકાત દરમિયાન બૂલેટ ટ્રેન પરિયોજનાનું નિરીક્ષણ કરવા સારોલી પહોંચ્યા હતા. તેમણે આજે

રેલવે મથક અને ટ્રેકનું નિરીક્ષણ કર્યું. દરમિયાન શ્રી વૈષ્ણવે કહ્યું, બુલેટ ટ્રેનનો પહેલો ભાગ સુરતથી બિલિમોરા સુધી શરૂ થશે.

(BYTE: ASHWINI VAISHNAW, UNION RAILWAY MINISTER) – BILIMORA BYTE

. . . . . . . . . . . .

# BSNL SILVER JUBILEE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ભારતીય સંચાર નિગમ લિમિટેડ – BSNL દ્વારા સ્થાપિત 97 હજાર પાંચથી વધુ નવા ફોર-જી મૉબાઈલ ટાવરનો ઓડિશાથી શુભારંભ કરાવ્યો. BSNLની રજત જયંતી નિમિત્તે રાજ્યકક્ષાનો ઉદ્ઘાટન કાર્યક્રમ ગાંધીનગર ખાતે યોજાયો. તેમાં કેન્દ્રીય મંત્રી ડૉક્ટર મનસુખ માંડવિયા, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિતના મહાનુભાવ ઉપસ્થિત રહ્યા.

આ પ્રસંગે શ્રી પટેલે કહ્યું, દેશના ગ્રામીણ નાગરિકોને આજે સ્વદેશી 4-જી નેટવર્કની ભેટ મળી છે. આજનો આ કાર્યક્રમ સ્વદેશી અભિયાનને વધુ વેગ આપશે તેવો વિશ્વાસ પણ તેમણે વ્યક્ત કર્યો. BSNLને અભિનંદન પાઠવતા શ્રી પટેલે કહ્યું, ગુજરાતમાં ચાર હજાર જેટલા BSNLના 4-જી ટાવર બનાવાયા છે. તેનાથી 10 હજારથી વધુ ગામને 4-જી મૉબાઈલ સેવાનો લાભ મળશે.

. . . . . . . . . . . .

# NAVRATRI GARBA

**(...ગરબા મ્યૂઝિક...)**

ભક્તિ અને આરાધનાના પાવન પર્વ નવરાત્રિના પાંચમા નોરતે આજે માઁ દુર્ગાના પાંચ-મા સ્વરૂપ સ્કંદમાતાની પૂજા-અર્ચના કરાય છે. ધાર્મિક યાત્રાધામ સહિત રાજ્યભરમાં ગરબે ઝૂમી લોકો માતાજીની આરાધના કરી રહ્યાં છે.

પોરબંદરમાં કેન્દ્રીય મંત્રી ડૉક્ટર મનસુખ માંડવિયાએ શૌર્ય, શૂરવીરતા અને સાહસના પ્રતીક સમા મહેર મણિયારા રાસમાં હાજરી આપી. મહેર જ્ઞાતિના પુરુષો અને સ્ત્રીઓ પરંપરાગત પહેરવેશમાં રાસ રમવા આવે છે તેમ મહેર સુપ્રીમ પરિષદના પ્રમુખ વિમલજી ઓડેદરાએ જણાવ્યું.

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ આજે ગાંધીનગરના રૂપાલ ખાતે વરદાયિની માતાજીનાં દર્શન કર્યા. તેમણે જિલ્લા કલેક્ટર અને ટ્રસ્ટીઓ સાથે સંવાદ કરી નોમના દિવસે યોજાનારી પરંપરાગત પલ્લી અંગે ચર્ચા કરી.

**(...ગરબા મ્યૂઝિક...)**

---------------------------------------------------

# PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનારા 'મન કી બાત' કાર્યક્રમમાં વિવિધ વિષય પર પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 126મી કડી હશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન AIR મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરાશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પીએમઓ તથા માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ થશે.

આ ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્ર પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

.......................................

# IMP ANNOUNCEMENT

## એક અગત્યની જાહેરાત

આકાશવાણી અમદાવાદનાં પ્રાદેશિક સમાચાર વિભાગ દ્વારા પ્રસ્તુત ‘સેવા પર્વ’ શ્રેણીના છઠ્ઠા અંકમાં આજે સાંભળશો “સૌરઊર્જા ક્ષેત્રે ગુજરાતના કીર્તિમાન” અંગે ચર્ચા. આ ચર્ચામાં ભાગ લઈ રહ્યા છે, ગુજરાત

ઊર્જા વિકાસ નિગમ લિમિટેડના મેનેજિંગ ડાયરેક્ટર જયપ્રકાશ શિવહરે અને આકાશવાણી અમદાવાદના સમાચાર વાચક પ્રવેશ અડિએચા.

તો સાંભળવાનું ચૂકશો નહીં, આજે બે વાગ્યેને 40 મિનિટે “સૌરઊર્જા ક્ષેત્રે ગુજરાતના કીર્તિમાન” અંગે ચર્ચા.

. . . . . . . . . . .